સફેદ સોનાની શુભ ઘડી

બારડોલી અને મઢી સુગરમાં શેરડી પિલાણ સિઝનનો પ્રારંભ

બારડોલી : દક્ષિણ ગુજરાતના ખેડૂતો માટે જીવાદોરી સમાન સહકારી સુગર ફેક્ટરીઓમાં નવી પિલાણ સીઝનની શરૂઆત થઈ ગઈ છે. શુક્રવાર, તારીખ ૩૦ ઓક્ટોબર ૨૦૨૬ ના શુભ દિવસે સુરત જિલ્લાની શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ. અને શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ., બારડોલી ખાતે શેરડી પિલાણ સીઝન ૨૦૨૬-૨૦૨૭ નો શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે મંગલ પ્રારંભ કરવામાં આવ્યો હતો.

મઢી સુગર ફેક્ટરીમાં આસો વદ પાંચમના પવિત્ર દિવસે સંસ્થાના પ્રમુખ સમીરભાઈ છતારામભાઈ ભક્ત અને તેમના ધર્મપત્નીના હસ્તે પૂજા અર્ચના કરવામાં આવી હતી. આ શુભ પ્રસંગે ઉપ-પ્રમુખ જીતેન્દ્રકુમાર ડાહ્યાભાઈ પટેલ, મેનેજીંગ ડાયરેક્ટર અવિનાશ ડી. ઢેકાણે, ખેડૂત સંગઠનના આગેવાનો, કર્મચારીગણ તથા વાહતુક સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ વર્ષે મઢી સુગર ફેક્ટરીએ ૯ લાખ મેટ્રિક ટન શેરડી પિલાણનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે અને સીઝન નિર્વિઘ્ને સંપન્ન થાય તેવી ઈશ્વરને પ્રાર્થના કરવામાં આવી છે. બીજી

તરફ, એશિયામાં સહકારી ક્ષેત્રે સૌથી મોટી ગણાતી બારડોલી સુગર ફેક્ટરીમાં પણ પિલાણ સીઝનની શુભ શરૂઆત કરવામાં આવી છે. સંસ્થાના પ્રમુખ મુકેશચંદ્ર નગીનભાઈ પટેલના વરદહસ્તે શુક્રવારે પૂજાવિધિ સંપન્ન થઈ હતી. આ નિમિત્તે અગાઉ ૨૭ ઓક્ટોબરના રોજ સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે ફેક્ટરી પરિસરમાં મહાપૂજા યોજાઈ હતી અને સંતોએ આશીર્વચન આપ્યા હતા. આ વર્ષે બારડોલી સુગરે ૧૪ લાખ મેટ્રિક ટન શેરડી પિલાણ અને મહત્તમ પાવર એક્સપોર્ટનો વિશાળ લક્ષ્યાંક રાખ્યો છે. આ પ્રસંગે ઉપપ્રમુખ અનિલકુમાર હરીભાઈ પટેલ, મેનેજીંગ ડીરેક્ટર હેમ પ્રકાશ સિંહ, બોર્ડના તમામ ડિરેક્ટરો અને સંસ્થાના અન્ય હોદ્દેદારો હાજર રહ્યા હતા. બંને ફેક્ટરીઓના સંચાલકો, સભ્યો અને ખેડૂતોમાં નવી સીઝનને લઈને ભારે આશા અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે તેમજ આગામી સીઝન સુખદ રીતે સફળતાપૂર્વક પૂર્ણ થાય તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

બારડોલી સુગર ફેક્ટરી બાબેન

પિલાણ સીઝન	કુલ શેરડી પિલાણ	સરેરાશ રિકવરી
૨૦૨૪-૨૫ (અહેવાલ)	૩.૧૪.૫૪ લાખ ટન	૩.૧૦.૯૦%
૨૦૨૩-૨૪	૩.૧૪.૭૬ લાખ ટન	૩.૧૦.૮૩%

મઢી સુગર ફેક્ટરી મઢી

પિલાણ સિઝન	કુલ શેરડી પિલાણ	સરેરાશ સુગર રિકવરી
૨૦૨૪-૨૫ (અહેવાલ)	૩.૮.૮૮ લાખ મેટ્રિક ટન	૩.૧૦.૬૬%
૨૦૨૩-૨૪	૩.૮.૮૩ લાખ મેટ્રિક ટન	૩.૧૦.૦૭%

બારડોલીમાં કરોડોના ખર્ચે બનેલું ઓડિટોરિયમ ઉદઘાટન પહેલાં ખંડેર

સરકારનું ધ્યાન માત્ર કેવડિયા પૂરતું જ સીમિત રહી ગયું

બારડોલી: આજે ૩૧મી ઓક્ટોબરે સમગ્ર દેશમાં સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે 'રાષ્ટ્રીય એકતા દિવસ' રંગેચંગે ઉજવાશે. નેતાઓ સરદારના નામે મોટી મોટી વાતો કરશે, પરંતુ સરદારની કર્મભૂમિ બારડોલીમાં ગ્રાઉન્ડ ઝીરો પરની હકીકત કાળજું કંપાવી દે તેવી અને સત્તાધીશો માટે અત્યંત શરમજનક છે. બારડોલી સત્યાગ્રહ થકી દેશને 'સરદાર' આપનાર આ ઐતિહાસિક ભૂમિ પર સરકારનું ધ્યાન માત્ર કેવડિયા પૂરતું જ સીમિત રહી ગયું છે. સ્વરાજ આશ્રમના નવીનીકરણ માટે કરોડોની ગ્રાન્ટ ફાળવાઈ, પણ આજે વિકાસનાં આ કામો ભ્રષ્ટાચાર અને બેદરકારીની જંગલી વેલીઓમાં ગૂંગળાઈ રહ્યાં છે.

વર્ષ-૨૦૧૭માં તત્કાલીન પ્રવાસન અને વનમંત્રી ગણપતભાઈ વસાવાના હસ્તે બારડોલી સ્વરાજ આશ્રમ અને નગરના વિકાસ કામો માટે કુલ ૩૧ કરોડનાં કામોનું ખાતમુહૂર્ત કરાયું હતું. જેમાંથી આશ્રમમાં રસ્તા, રિનોવેશન અને ૩૦૦ લોકોની ક્ષમતાવાળા અદ્યતન ઓડિટોરિયમ માટે ૧૮.૬૦ કરોડ મંજૂર કરાયા હતા. પરંતુ વિકાસની આ ગુલાબી વાતો વચ્ચે નગ્ન વાસ્તવિકતા એ છે કે, ઉદઘાટન થાય તે પહેલાં જ આ ઓડિટોરિયમની ટાઇલ્સ ઉખડી ગઈ છે! કરોડોના ખર્ચે બનેલા આ ભવનને કાયમી તાળાં મારી દેવાયાં છે અને ઓટલા તેમજ આસપાસમાં જંગલી ઘાસ અને વનસ્પતિ ઊગી નીકળ્યાં છે. સાફસફાઇના નામે સાવ મીંડું છે, જેને જોતા કરોડોની ગ્રાન્ટના રૂપિયા સાવ પાણીમાં ગયા હોય તેવું સ્પષ્ટ દેખાય છે.

સૌથી હૃદયદ્રાવક અને આક્રોશ જન્માવે તેવું દૃશ્ય ઓડિટોરિયમની બહાર જોવા મળે છે. અહીં બહાર મૂકવામાં આવેલી સરદાર પટેલની બેઠેલી પ્રતિમાને વર્ષોથી પ્લાસ્ટિકની કોથળીમાં વીંટીને દોરીથી બાંધી દેવામાં આવી છે! આજે જ્યારે આખો દેશ એકતા દિવસ મનાવી રહ્યો છે, ત્યારે આ દૃશ્ય જોનારના મોંમાંથી નિસાસા સાથે એક જ શબ્દ સરી પડે કે, જે મહાપુરુષે દેશને એક સૂત્રે બાંધ્યો, તેને જ આ સત્તાધારીઓએ પ્લાસ્ટિકની કોથળીમાં દોરીથી બાંધી દીધા છે?

ગણપત વસાવા જાતે આવીને નિરીક્ષણ કરે તો કરોડોના વેડફાટની પોલ ખૂલે!

સરકારની કેવડિયા પર અસીમ કૃપા છે, પરંતુ બારડોલીની સતત અને ઘોર ઉપેક્ષા થઈ રહી છે. વર્ષ-૨૦૧૭માં ખૂબ ગાજવીજ સાથે ભૂમિપૂજન કરનાર ગણપતભાઈ વસાવાએ હવે જાતે બારડોલી આવવાની તસ્દી લેવી જોઈએ. પોતે ફાળવેલી ગ્રાન્ટનો કેવો અને કેટલો 'સદુપયોગ' થયો છે તે જોવું હોય તો તેમણે આ ખંડેર બની રહેલા ઓડિટોરિયમની રૂબરૂ મુલાકાત લેવી જોઈએ. તો જ તેમને અને સરકારને ખ્યાલ આવશે કે ઐતિહાસિક વારસાની જાળવણીના નામે અહીં કેવી લાલિયાવાડી ચાલી રહી છે અને સરદારની પવિત્ર કર્મભૂમિમાં જ વિકાસના નામે કેવી રીતે કરોડો રૂપિયા બરબાદ થઈ રહ્યા છે.

સંક્ષિપ્ત સમાચાર

કડોદરામાં બિલ્ડિંગના ચોથા માળેથી પટકાતા શ્રમજીવીનું મોત

પલસાણા: મૂળ બિહાર અને હાલ કડોદરાના મગનજી પાર્કમાં ઉમેશભાઈની બિલ્ડિંગમાં રહેતો સુજીતસિંગ દરોગાસિંગ રાજપૂત (ઉં.વ.૪૦) છૂટક મજૂરી કરી પોતાનું ગુજરાન ચલાવતો હતો. ગત તા.૨૯ ઓક્ટોબરે મધ્ય રાત્રિના આશરે ૧થી ૧:૩૦ વાગ્યાના અરસામાં સુજીતસિંગ પોતાની બિલ્ડિંગના ચોથા માળે ગેલેરીમાં હતો. ત્યારે અચાનક અકસ્માતે તે નીચે આર.સી.સી રોડ પર પટકાયો હતો. આ અકસ્માતમાં તેને ગંભીર ઈજા પહોંચી હતી. લોહીલુહાણ હાલતમાં તેને તાત્કાલિક સારવાર અર્થે ચલથાણ ખાતે આવેલી સંજીવની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ત્યાં ફરજ પર હાજર તબીબે તપાસીને તેને મૃત જાહેર કર્યો હતો.

નનસાડમાં રત્નકલાકારનો આપઘાત

કામરેજ: કામરેજના નનસાડ રોડ પર આવેલી નંદની સોસાયટીમાં રહેતા અને રત્નકલાકાર તરીકે છૂટક કામ કરતા નાગજીભાઈ ચુડાસમા ગુરુવારે રાત્રે પત્ની સાથે ઝઘડો કર્યા બાદ રૂમમાં જઈ ફાંસો ખાધો હતો. પરિવારે તેમને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ દ્વારા કામરેજ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખસેડ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. પત્નીએ પોલીસ સમક્ષ જણાવ્યા મુજબ તેઓ છેલ્લા કેટલાક સમયથી આર્થિક સંકડામણમાં હોવાથી આ પગલું ભર્યું હતું. આ અંગે કામરેજ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઉભદમાં છ મોટરના તાંબાના વાયરની ચોરી

કુકરમુંડા: કુકરમુંડાના ઉભદમાં તાપી નદીના કિનારે આવેલાં ખેતરોની બહારના ભાગમાં મૂકેલી છ મોનોબ્લોક મોટર્સમાંથી તાંબાના વાયરની ચોરીની ઘટના સામે આવી છે. આ ચોરીમાં આશરે રૂ.12 હજારનું નુકસાન થયું હોવાનું પોલીસ ફરિયાદમાં નોંધાયું છે. ઉભદની સીમમાં તાપી નદીના કિનારે આવેલાં ખેતરો પાસે ખેડૂતો દ્વારા સિંચાઈ માટે મૂકવામાં આવેલી 10 હોર્સ પાવરની કુલ છ મોનોબ્લોક મોટરોમાંથી અજાણ્યો ચોર ઈસમ તાંબાના વાયરની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે પિશાવર ગામના ખેડૂત કલ્પેશભાઈ નરેન્દ્રભાઈ પાટીલે કુકરમુંડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે અજાણ્યા ઈસમ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, તાપી નદી કિનારાના વિસ્તારોમાં ખેતરોની સિંચાઈ માટે મૂકવામાં આવેલી મોટરોમાંથી તાંબાના વાયરની ચોરીની ઘટનાઓ ખેડૂતો માટે ચિંતાનો વિષય બની રહી છે.

કામરેજ નજીક ટેમ્પોમાંથી સાપ નીકળ્યો

કામરેજ: કામરેજ ગામ નજીક કેનાલ રોડ પર આવેલી એચ.આર.પી. બંગલોની પાછળ આવેલી ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલા વનાભાઈ સિંધવના આઈસર ટેમ્પો નં.(જીજે 26 યુ 7225)માં આગળના ભાગે કેબિનમાં સાપ જોવા મળતાં ફાયર વિભાગે સાપને ટેમ્પોની કેબિનના ડેસ બોર્ડમાંથી કાઢ્યો હતો.

વિશાલ પટેલ

કડોદરામાં આજે એકતા દિવસ યોજાશે

પલસાણા: સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે કડોદરા નગરપાલિકા દ્વારા શનિવાર, તારીખ ૩૧ ઓક્ટોબરના રોજ નગરપાલિકા કક્ષાના 'એકતા દિવસ' અને 'સ્વદેશી મેળા'નો ભવ્ય શુભારંભ કરવામાં આવનાર છે. આ કાર્યક્રમ કડોદરા સ્થિત અકળામુખી હનુમાનજી ગ્રાઉન્ડ ખાતે સાંજે ૪:૩૦ કલાકે યોજાશે.

નાની નરોલીમાં જરૂરિયાતમંદોને કિટ વિતરણ

વિનોદ વસુરીયા

વાંકલ: ભારતીય વિદ્યા ભવન્સ જી.આઈ.પી.સી.એલ. એકેડમી ખાતે આચાર્ય વૈભવ અગ્રવાલના માર્ગદર્શન અને 'ફેથ હાઉસ'ના નેતૃત્વમાં દિવાળી નિમિત્તે 'દિલ સે દિવાળી' સેવાકીય કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા સ્વૈચ્છિક ફાળાથી એકત્રિત થયેલી ૯૨,૨૩૧ની રકમમાંથી અનાજ, સ્ટીલનાં વાસણો અને દીવા સહિતની ૧૫૦ ઉપયોગી કિટ તૈયાર કરવામાં આવી હતી. શાળાના ૪૨ વિદ્યાર્થી અને ૬ શિક્ષકની ટીમે વસ્તાન અને સુરાલી ગામના જરૂરિયાતમંદ પરિવારો તથા ખેડૂતોના ઘરે જઈ કિટનું વિતરણ કર્યું હતું. આ ઉપરાંત બાળકોને નવાં કપડાં પણ ભેટ આપવામાં આવ્યાં હતા.

જંબુસરમાં PM કિસાન ઉત્સવ દિવસની ઉજવણી

ભરૂચ: પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત પીએમ કિસાન ઉત્સવ દિવસની ઉજવણી જંબુસરના બીએસપીએસ સ્વામી નારાયણ મંદિર ખાતે કરાઈ હતી. આ પ્રસંગે નગર પાલિકા પ્રમુખ ચૈતાલીબેન પ્રજાપતિ, જિ.પં.નાં પ્રમુખ કિરણબા જાદવ, કલેક્ટર ડો.નવનાથ ગવ્હાણે, ડીડીઓ યોગેશ કાપસે, જિલ્લા ખેતીવાડી અધિકારી કુલદીપ વાળા સહિત ખેડૂતો ઉપસ્થિત રહ્યાં હતાં.

ખુશાલપુરામાં પ્રસ્તાવિત NTPC પરમાણુ ઊર્જા પ્રોજેક્ટ સામે વિરોધ

ગ્રામજનોનો એક જ સૂર, અમારા વિસ્તારમાં કોઈપણ પ્રોજેક્ટ નથી જોઈતો

વ્યારા: વ્યારાના ખુશાલપુરા ગામે સંભવિત NTPC પરમાણુ ઉર્જા પ્રોજેક્ટ આવવાનો હોવાની વિગતો સોશ્યલ મીડિયામાં વાઈરલ થતાં વ્યારાના ખુશાલપુરા, ભાનાવાડી , લોટરવા તેમજ વાલોડ તાલુકાના ધામોદલા, કહેર, બેડકૂવા સહિત 10થી વધુ ગામના લોકોમાં પોતાની મહામૂલી જમીન, ઘરબાર ગુમાવવાનો ભય સતાવી રહ્યો છે. જેને લઈને આ અસરગ્રસ્ત ગામમાં તબક્કાવાર રીતે અલગ અલગ ગ્રામ પંચાયતો દ્વારા આ સંભવિત NTPC પ્રોજેક્ટના વિરોધમાં ગ્રામસભા યોજાઈ ચૂકી છે અને પ્રોજેક્ટના વિરોધમાં નિર્ણય લેવામાં આવ્યો છે ત્યારે તમામ ગામમાં ગ્રામજનોને જાગૃત કરવાનાં પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ત્યારે ગતરોજ વ્યારાના ભાનાવાડી ગામે પણ NTPC પ્રોજેક્ટના વિરોધમાં ગ્રામસભા યોજવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં ગામના લોકોએ હાજરી આપી હતી. મિટિંગ દરમિયાન ગ્રામજનો વચ્ચે પ્રોજેક્ટને લઈ લોકોમાં અવેરનેસ લાવવા સહિત આગામી દિવસોમાં પ્રોજેક્ટને લઈને થનાર વિરોધ પ્રદર્શનને સૌને ગ્રામજનોને લડત મજબૂત કરવા આગેવાનો દ્વારા અનુરોધ કરવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, વ્યારા તાલુકામાં ખુશાલપુરા ગામે સૂચિત NTPC પરમાણુ ઉર્જા પ્રોજેક્ટનો સંભવિત અસરગ્રસ્ત થનાર વ્યારા અને વાલોડ તાલુકાનાં 10થી વધુ ગામના સદીઓથી વસતા આદિવાસીઓમાં ભારે વિરોધ ઊઠ્યો છે.

જેને લઈને ગત દિવસોમાં ખુશાલપુરા સહિતના ગામના આગેવાનોએ કલેક્ટરને આપ્યું આવેદનપત્ર આપી પ્રોજેક્ટની મંજૂરીને રદ કરવાની માંગ કરી છે. ઉપરાંત ગામનાં આગેવાનો દ્વારા સ્થાનિક ધારાસભ્ય મોહન કોંકણી અને મોહન ઢોડિયા તેમજ બારડોલી લોકસભા મત વિસ્તારના સાંસદ પ્રભુ વસાવાને પણ NTPC પ્રોજેક્ટ સંદર્ભે લેખિત રજૂઆત કરી ચૂક્યા છે. ત્યારે સરકાર દ્વારા વહેલી તકે આ સંબોધિત NTPC પરમાણુ ઉર્જા પ્રોજેક્ટની મંજૂરી રદ કરવા માટે યોગ્ય સ્ટેન્ડ ક્લિયર કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં મોટાપાયે આંદોલનનાં મંડાણ થઈ શકે છે.

જોળવામાં ઘરની બાલ્કનીમાંથી પટકાતાં યુવાનનું મોત

પલસાણા: મૂળ પશ્ચિમ મેદિનીપુર (પશ્ચિમ બંગાળ)નો વતની અને હાલ પલસાણાના જોળવાની ઘનશ્યામ સોસાયટી વિભાગ-૨માં રહેતો સ્વપ્નસિંગ કાલુસિંગ (ઉં.વ.૨૯) ગત તારીખ ૧૪ ઓક્ટોબરે બપોરે પોતાના રહેણાક મકાનની પહેલા માળની બાલ્કનીમાંથી અકસ્માતે નીચે પટકાયો હતો. આ ઘટનામાં તેને ગરદનના ભાગે તેમજ શરીરના અન્ય ભાગો પર નાની-મોટી ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત યુવાનને વધુ સારવાર અર્થે તારીખ ૧૬ ઓક્ટોબરના રોજ સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. સિવિલ હોસ્પિટલમાં ચાલુ સારવાર દરમિયાન તારીખ ૨૯ ઓક્ટોબરે ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગે મૃતકના ભાઈ મંજુસિંગ કાલુસિંગ (ઉં.વ.૨૭) દ્વારા નવી સિવિલ હોસ્પિટલ અને ત્યારબાદ પલસાણા પોલીસ મથકમાં જાણ કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં પલસાણા પોલીસે મુજબ અકસ્માત મોતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

વાવ પાસે યુવાનનું અકસ્માત મોત

કામરેજ: કામરેજના માંકણા ગામે રહી પ્લાય-પીવીસીના દરવાજા બનાવતો અયોધ્યાનો યુવક સતીષ ગોવિંદ પ્રસાદ (ઉં.વ.૨૪) શુક્રવારે સવારે મુંબઈ-અમદાવાદ હાઈવે નં.૪૮ પર નાયરા પેટ્રોલ પંપ સામે રોડ ક્રોસ કરી રહ્યો હતો. તે સમયે અજાણ્યા વાહને અડફેટે લેતાં ઘટના સ્થળે જ તેનું મોત નીપજ્યું હતું. મૃતકના મોબાઈલ પરથી સંપર્ક કરી ઓળખ મેળવાયા બાદ કામરેજ પોલીસે અજાણ્યા વાહનચાલક સામે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

માંડવી નાગરિક બેંકને ચાર સ્કોબા પ્રાઇડ એવોર્ડ અર્પણ

હિતેશ પટેલ

માંડવી : ધી માંડવી નાગરિક સહકારી બેંક લિ.ને તાજેતરમાં મનાલી ખાતે યોજાયેલ ૧૮મા 'સ્કોબા પ્રાઇડ એવોર્ડ'-૨૦૨૬ (૭ ઓક્ટોબર, ૨૦૨૬) સમારોહમાં ચાર પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે. બેંકની સને ૨૦૨૫-૨૬ની પ્રશંસનીય કામગીરીને આધારે મિડિયમ બેંકોની કેટેગરીમાં આ સિદ્ધિ હાંસલ થઈ છે, આ એવોર્ડ સમારોહમાં બેંકે વિવિધ ચાર કેટેગરીમાં બાજી મારી છે. જે અંતર્ગત 'ફાઈનાન્શિયલ સ્ટેબિલિટી', 'પ્રોફિટાબિલિટી મેનેજમેન્ટ' અને 'પબ્લિક રીલેશન એન્ડ સોશિયલ એક્ટિવિટી'માં બેંક વિનર રહી છે, જ્યારે 'ટોટલ બિઝનેસ ગ્રોથ એન્ડ એક્ષ્પાન્સન'માં બેંક રનર્સ અપ રહી છે. આ ભવ્ય સફળતા અંગે બેંકના ચેરમેન જતીનકુમાર એમ. શાહ, વાઈસ ચેરમેન સ્નેહલકુમાર ટી. મોઢેરા, બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ તેમજ બેંકના MD/CEO આશુતોષ બી. ઉપાધ્યાયે વિશેષ ખુશી અને ગર્વ વ્યક્ત કરી છે. મનાલી ખાતે યોજાયેલા આ એવોર્ડ સ્વીકાર સમારોહમાં બેંક તરફથી ચેરમેન જતીન શાહ, પ્રો. ડાયરેક્ટર સંજય પાઠક તેમજ ડાયરેક્ટર રાજા સોલંકી અને પ્રતિક રબારી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

વાવ ગામે પગ લપસી જતાં બીજા માળેથી પડતા યુવાનનું મોત

કામરેજ: મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુરના કંથારી અને હાલ કામરેજના વાવ ગામની હદમાં પાસોદરા પાટિયાથી પાસોદરા ગામ જતાં રોડ પર આવેલી કુંજ વિલા સોસાયટીમાં ચાલતા બાંધકામની સાઈટ પર રહીને કડિયાકામ કરતો નવલસિંહ હરસિંહ કલેશ (ઉં.વ.38) બે માસથી કામ કરવા માટે વતનથી આવ્યો હતો. વહેલી સવારના આશરે 3 કલાકે બીજા માળ પર સૂતા હતા. અચાનક પગ લપસી જતાં બીજા માળ પરથી નીચે જમીન પર પટકાતાં બેભાન થઈ જતાં સારવાર માટે 108માં કામરેજ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જતાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરી કામરેજ પોલીસને જાણ કરતાં પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અંકલેશ્વરમાં વ્યાજે આપેલાં નાણાંના વ્યવહારમાં છેતરપિંડીની ફરિયાદ

રૂ.૮ લાખની સામે રૂ.૧૦ લાખ ચૂકવ્યા છતાં ૬૫ તોલા સોનું પરત ન આપ્યાનો આક્ષેપ

અંકલેશ્વર: અંકલેશ્વરમાં નાણાકીય વ્યવહારને લઈને એક વ્યક્તિ સામે ગુનાહિત વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદીએ વ્યાજ સહિત રૂ.૧૦ લાખ ચૂકવી દીધા હોવા છતાં પોતાના આશરે ૬૫ તોલા સોનાનાં ઘરેણાં પરત નહીં આપ્યા હોવાનો તેમજ પ્લોટના વેચાણ દસ્તાવેજ પોતાના નામે કરાવી વેચાણની રકમ પણ નહીં ચૂકવી હોવાનો આક્ષેપ કર્યો છે.

અંકલેશ્વર તાલુકાના ધંતુરીયા ગામના આહીર ફળિયામાં રહેતા ૪૧ વર્ષીય પંકજભાઈ પરભુભાઈ આહીરને નાણાંની જરૂરિયાત ઊભી થતાં અંકલેશ્વર શહેરના અંબિકાનગર, દીવા રોડ ખાતે રહેતા ૫૯ વર્ષીય મહેશભાઈ બાબુલાલ મારફતિયાનો સંપર્ક થયો હતો. આરોપીએ પોતે નાણાં ધીરધાર કરવાનું લાઈસન્સ ધરાવતા વેપારી હોવાનું જણાવી ફરિયાદીને વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ વર્ષ-૨૦૧૮માં રૂ.૫ લાખ અને વર્ષ-૨૦૧૯માં રૂ.૩ લાખ મળી કુલ રૂ.૮ લાખ વ્યાજે આપ્યા હતા.

આ નાણાકીય વ્યવહારના અનુસંધાને સિક્યુરિટી પેટે સજોદ ખાતે આવેલી રામ રેસિડેન્સીના પ્લોટ નં.બીબી-૧૮નો અસલ દસ્તાવેજ અને આશરે ૪૧ તોલા સોનાનાં ઘરેણાં લીધાં હતાં. ત્યારબાદ આંધ્રા બેંકમાંથી ફરિયાદીનાં આશરે ૨૪ તોલા સોનાનાં ઘરેણાં છોડાવી આરોપીએ પોતાની પાસે રાખી લીધા હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે.

ફરિયાદીના જણાવ્યા મુજબ, બંને વ્યવહારો પેટે વ્યાજ સહિત આશરે રૂ.૧૦ લાખ ચૂકવી દીધા હોવા છતાં કુલ આશરે ૬૫ તોલા સોનાનાં ઘરેણાં પરત આપવામાં આવ્યા નહોતા. વધુમાં, પ્લોટનો રૂ.૧૦ લાખનો વેચાણ દસ્તાવેજ પોતાના નામે કરાવી લીધા બાદ વેચાણની રકમ પણ ચૂકવવામાં આવી ન હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત વધુ નાણાંની માંગણી કરી વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ સમગ્ર મામલે અંકલેશ્વર પોલીસ સમક્ષ તા.૨૯ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ફરિયાદ નોંધાવવામાં આવી હોવાનું જાણવા મળે છે.

કુકરમુંડાના બેજ ગામે સરકારી જમીન પર ઘરો બનાવતાં વિરોધ

માજી સરપંચ સુદામભાઈ વળવીએ અગાઉ તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરી હતી

કુકરમુંડા: કુકરમુંડા તાલુકાની બાલંબા ગ્રુપ ગ્રામ પંચાયત હેઠળના બેજ ગામમાં સરકારી જમીન પર દબાણ કરીને પાકાં અને કાચાં મકાનોનું બાંધકામ કરવામાં આવતું હોવાની રજૂઆત સામે આવી છે. આ મામલે ગામના માજી સરપંચ સુદામભાઈ ફતુભાઈ વળવીએ ગત 5 જાન્યુઆરી 2026ના રોજ કુકરમુંડા તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરી હતી. જોકે, હજુ સુધી દબાણ દૂર કરવાની કાર્યવાહી ન થતાં તેમણે વહીવટી તંત્ર પ્રત્યે નારાજગી વ્યક્ત કરી છે. રજૂઆત મુજબ તેમના મકાનની પશ્ચિમ દિશામાં આવેલી સરકારી જમીન પર ગામનાં રહેવાસી સુનિતાબેન રમેશભાઈ પ્રધાન દ્વારા પરવાનગી વિના પાકા મકાનનું બાંધકામ કરવામાં આવી રહ્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. જ્યારે લાલદાસભાઈ હુર્યાભાઈ પ્રધાન અને રામદાસભાઈ હુર્યાભાઈ પ્રધાન દ્વારા પણ સરકારી જમીનમાં કાચાં મકાનો બનાવી દબાણ કરવામાં આવતું હોવાની રજૂઆત કરવામાં આવી છે.

આ બાબતે બાલંબા ગ્રુપ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી પ્રકાશભાઈ પાડવીએ જણાવ્યું હતું કે, સરકારી જમીન પર દબાણ કરીને મકાન બનાવવામાં આવતાં હોવાની અરજી મળી છે. જે અનુસંધાને દબાણ કરનારને નોટિસ આપી પુરાવા રજૂ કરવા જણાવવામાં આવ્યું છે.

તો અરજદાર સુદામભાઈ ફતુભાઈ વળવીએ જણાવ્યું હતું કે, સરકારી જમીન પર દબાણ અંગે 5 જાન્યુઆરીએ લેખિત રજૂઆત કરી હોવા છતાં હજુ સુધી દબાણ દૂર થયું નથી. જેથી તંત્ર દ્વારા તાત્કાલિક સ્થળ તપાસ કરી સરકારી જમીન પરથી દબાણ દૂર કરવામાં આવે તેવી મારી માંગ છે.